**Phulchhab**

**Edition:** Vadodara | **Date:** 14th February, 2013 | **Page No.:** 07

# વડોદરા ચેમ્બર દ્વારા આજથી મેગા ઈન્ડસ્ટ્રીયલ ફેર

વડોદરાઃ અત્રેના ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (VCCI) દ્વારા આઠમું મેગા ઈન્ડસ્ટ્રીયલ એક્ઝીબીશન ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી વડોદરા ખાતે નવલખી પેલેસ ગ્રાઉન્ડમાં યોજાશે. VCCI દ્વારા આ પહેલાના સાત મહા ઔદ્યોગિક પ્રદર્શન યોજયા હતા. જેને સફળતા મળી હતી.

આ મેગા ઔદ્યોગિક પ્રદર્શનની અંદર નાના-મોટા થઇ અંદાજીત ૫૦૦થી પણ વધારે સ્ટોલ, ૯ લાખ સ્કવેર ફીટ લેન્ડસ્કેપ એરિયામાં સમાયેલ છે. આ મેગા ઈન્ડસ્ટ્રીયલ એક્ઝીબીશનમાં પબ્લિક પ્રાઇવેટ સેકટર, લઘુ ઉદ્યોગ અને ઘણી બધી નામાંકિત અને સરકારી કંપનીઓનો સમાવેશ છે. ત્રણ મેજર સેગ્મેન્ટને આ મેગા એક્ઝીબીશનમાં સમાવવામાં આવ્યું છે. જેમાં એન્જિનિયરીંગ, મશીનરી, મશીન ટુલ્સ, મટીરીયલ હેન્ડલિંગ, પ્લાસ્ટિક, રબર અને ઓટોમોબાઇલ્સનો સમાવેશ થાય છે. ઇલેકટ્રીકલ, ઇલેકટ્રોનિકસ, ઇન્સ્ટ્રુમેન્ટેશન અને ઓટોમેશન અને ટુરીઝમ, બેન્કીંગ, ઇન્શ્યોરન્સ, એજયુકેશન, આઇ.ટી. અને ઇન્ફ્રાસ્ટકચરનો સમાવેશ થાય છે. આ એકઝીબીશનની રૂપરેખામાં સૌથી અગત્યનું એ છે કે એમાં આ વખતે હેલ્થકેર સેકટરનો પણ સમાવેશ કરેલ છે.

આખું પ્રદર્શન વાઇ.ફાઇથી સજ્જ છે. આ એકઝિબીશનની અંદર ઇનોવેટીવ પેવિલિયનને પણ સમાવવામાં આવ્યું છે. અને સાથો સાથ આ એકઝીબીશનમાં ફ્રેશર્સ સ્પોટ પ્લેસમેન્ટ ફેર પણ પાંચ દિવસ માટે યોજવામાં આવેલ છે. તા. ૧૪મીએ સવારે ૧૦-૦૦ વાગ્યે પ્રદર્શનનું ઉદ્દઘાટન થશે. દરરોજ જુદા જુદા નિષ્ણાત વકતાઓના પ્રવચન યોજાશે. જાણીતા નવલકથાકાર ચેતન ભગત પણ વકતવ્ય આપવાના છે.

ગુજરાતના અને વેસ્ટર્ન બેલ્ટના તમામ નાના મોટા ઉદ્યોગકારો, ટ્રેડરસો અને ખાસ કરીને એન્જિનિયર અને મેનેજમેન્ટ અને એના યુવાનો આની વિઝીટ લે અને વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝએ નકકી કર્યા મુજબ આ તમામ કાર્યક્રમોમાં ફ્રી રજીસ્ટ્રેશન રાખ્યું છે. આ રજીસ્ટ્રેશન માટે www.vcciexpo.org અથવા ઇમેલ દ્વારા vcciexpo@vccivadodara.org અથવા ફોન ઉપર 08758822999 પર રજીસ્ટ્રેશન કરી શકાશે. સવારના ૧૦-૦૦ થી ૦૨-૦૦નો બિઝનેસ વિઝીટર્સનો સમય છે અને બે પછી જનરલ વિઝીટર્સનો સમય છે તેમ વીવીસીઆઇના ચેરમેન નિલેશ શુકલા અને હિમાશુ પટેલે જણાવ્યું છે.